# આર્થિક સુધારાઓ

### ભારતમાં આર્થિક સુધારા કયા વર્ષથી અમલમાં આવ્યા ?

A. ઈ.સ. 1947

B. ઈ.સ. 1991

C. ઈ.સ. 1969

D. ઈ.સ. 1980

- B.ઈ.સ. 1991

### ભારતમાં FAMAનો કાયદો કયા વર્ષે આવ્યો ?

A. ઈ.સ. 1973

B. ઈ.સ. 1980

C. ઈ.સ. 1991

D. ઈ.સ. 1999

- A.ઈ.સ. 1973

### નીચેનામાંથી કયો ઉદ્યોગ જાહેરક્ષેત્ર માટે હવે અનામત છે ?

A. ખાતર

B. ટેલિવિઝન

C. મોટરકાર

D. રેલવે

- **D.રેલવે**

## આયાત થતી વસ્તુ જેવી વસ્તુનું ઉત્પાદન દેશમાં કરવામાં આવે તેને શું કહેવાય ?

A. ખાનગીકરણ

B. ઉદારીકરણ

C. આયાત અવેજીકરણ

D. વૈશ્વિકીકરણ

- **C.આયાત અવેજીકરણ**

## વિદેશી કંપનીઓ દ્વારા અન્ય દેશોમાં કરવામાં આવતા મૂડીરોકાણને શું કહે છે ?

A. FERA

B. FEMA

C. FDI

D. NRI

- C.FDI

## FERAનું પૂરું નામ આપો.

- FERAનું પુરું નામ છે. Foreing Exchange Restriction Act

## FEMAનું પુરું નામ આપો.

- FEMAનું પુરું નામ છે : Foreign Exchange Management Act

## FDIનું પુરું નામ આપો.

- FDIનું પુરું નામ છે : Foreign Direct Investment

## ઉદારીકરણનો અર્થ આપો.

- રાજ્ય અંકુશિત અર્થવ્યવસ્થામાં ખાનગીક્ષેત્રને આર્થિક પ્રવૃત્તિઓ કરવાનો વ્યાપ વધે તે પ્રક્રિયાને ઉદારીકરણ કહે છે.

## વૈશ્વિકીકરણનો અર્થ આપો.

- વૈશ્વિકીકરણ એટલે દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે વધુ ને વધુ સાંકળવાની પ્રક્રિયા.

## FIIનું પુરું નામ આપો.

- FIIનું પુરું નામ છે : Forgain Institutional investment.

## આર્થિક સુધારનો અર્થ આપો. આર્થિક સુધારાનાં પાસાં જણાવો.

- રાજ્યના અંકુશોવાળી આર્થિક નીતિઓ જ્યારે બજાર આધારિત, ખાનગી માલિકી અને નિર્ણયના સ્વાતંત્ર્યવાળી મુક્ત અર્થવ્યવસ્થામાં બદલવામાં આવે ત્યારે તે આર્થિક સુધારા તરીકે ઓળખાય છે.
- આર્થિક સુધારાનાં પસાં – આર્થિક સુધારાનાં ત્રણ પાસા છે. (1) ઉદારીકરણ, (2) ખનગીકરણ અને (3) વૈશ્વિકીકરણ.

## MRTP ઍક્ટનું પૂરું નામ આપો. આ કાયદો શા માટે ઘડાયો ?

- MRTP ઍક્ટનું પૂરું નામ છે : Monopolise and Restrictive Tread Practices.
- MRTP ઍક્ટ ઈજારાશાહી અને વેપાર નિયંત્રિત કરતી પ્રવૃત્તિ રોકવા 1969માં ઘડાયો હતો.
- તેનો ઉદ્દેશ સાધનોની ન્યાયી ફાળવણી અને નાના તથા મધ્યમ કદના ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાનો હતો.
- ઉદારીકરણની નીતિ અપનાવ્યા પછી આંતરરાષ્ટ્રીય ઉદ્યોગો સામે ટકવા દેશના ઉદ્યોગોને સક્ષમ બનાવવા ઈ.સ. 2002માં MRTP Actને સ્થાને Competition Act લાગુ કરાયો.

## વિમૂડીકરણનો અર્થ આપી તેના પ્રકારો જણાવો.

- સરકાર જાહેરક્ષેત્રના પોતની માલિકીના શેર ખાનગીક્ષેત્રને વેચે તેને વિમૂડીકરણ કહેવામા આવે છે.
- વિમૂડીકરણના પ્રકાર : વિમૂડીકરણના બે પ્રકર છે : (1) જાહેર હરાજીથી શેરનું વેચાણ : કયદામાં જણાવેલ વ્યક્તિઓ જાહેરક્ષેત્રના ઉદ્યોગોના શેર ખરીદે છે અને (2) વ્યૂહાત્મક રોકાણ : રાજ્ય જાહેરક્ષેત્રના શેર કોઈ સંસ્થાને વેચે છે.

## ભારતમાં 1991માં આર્થિક સુધારા કરવાની ફરજ શાથી પડી ?

- ભારતમાં ઈ.સ. 1991માં વિદેશી ચલણની કટોકટી સર્જાઈ. ફુગવાજન્ય દબાણો સર્જાયાં અને રોજકોષીય ખાદ્ય વધતી ગઈ.
- આ કટોકટીમાંથી બહાર નીકળવા ભારતે અંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ પાસેથી લોન લેવી પડી હતી. આ લોનની એક શરતનાં ભાગરૂપે દેશને આર્થિક સુધારા કરવાની ફરજ પડી હતી.

## વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણ સમજાવો.

- જ્યારે વિદેશી રોકાણકર્તા દેશમાં વસ્તુ કે સેવાના ઉત્પાદનમાં કે ધંધાની સ્થાપનામાં મૂડીરોકાણ કરવાના બદલે દેશના નાણાંબજાર કે મૂડીબજારમાં શૅર કે બૉન્ડની ખરીદી માટે મૂડીરોકાણ કરે છે, તેને વિદેશી સંસ્થાગત મૂડીરોકાણ કહેવામાં આવે છે.
  વિદેશ સંસ્થાગત મૂડીરોકાણ કરનારે વિદેશી સંસ્થાગત રોકાણકર્તા તરીકે દેશમાં નોંધણી કરાવવી પડે છે.
  દેશમાં મોટે ભાગે આવાં રોકાણો વિદેશી બૅન્કો, વીમાકંપનીઓ, મ્યુચ્યુલ ફંડ વગેરેમાં હોય છે.
  આવાં રોકાણો દેશના અર્થતંત્રમાં અસ્થિરતા સર્જી શકે છે, કારણકે વિદેશી સંસ્થાઓ જેટલી ઝડપથી શૅરબજારમાં નાણાં રોકે છે એટલી જ ઝડપથી પોતનાં રોકાણો પાછાં ખેંચી શકે છે.

## વૈશ્વિકીકરણનો અર્થ આપી તેની મહત્વની બાબતો જણાવો.

- વૈશ્વિકીકરણનો અર્થ : વૈશ્વિકીકરણ એટલે દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે વધુ ને વધુ સાંકળવાની પ્રક્રિયા.
- વૈશ્વિકીકરણમાં દેશ દુનિયાના દેશો સાથે આર્થિક સંબંધો વધારી દેશના અર્થતંત્ર પર મૂકેલા અંકુશો ક્રમશઃ નાબૂદ કરે છે અને આત્મનિર્ભરતાની દિશા ખોલે છે.
- વૈશ્વિકીકરણ માટેની મહત્વની બાબતો :
- આયાત-નિકાસ પરવાના પદ્ધતિઓ સરળ બનાવવામાં આવી.

- **રૂપિયાના અન્ય દેશોના ચલણ સાથેના વિનિમય દરને ક્રમશઃ મુક્ત બનાવી હૂંડિયામણના ખરીદ-વેચાણને સરળ બનાવાયું.**
- **દેશના અર્થતંત્રમાં સીધા વિદેશી મૂડીરોકાણને મુક્ત બનાવાયું.**
- **દેશના ઉદ્યોગકારો, રોકાણકારોને અન્ય દેશો સાથે આર્થિક વ્યવહરો કરવાની છૂટ આપવામાં આવી.**
- **રાજ્યે દેશના, વિદેશના ઉત્પાદકો, રોકાણકર્તાઓ માટે તટસ્થ નીતિનો અમલ કર્યો.**
- **અન્ય દેશો સાથેના સાંસ્કૃતિક-સામાજિક સંબંધો સરળ બન્યા.**

## પ્રત્યક્ષ વિદેશ મૂડીરોકાણનો અર્થ આપી તેનું સ્વરૂપ જણાવો.

- પ્રત્યક્ષ વિદેશ મૂડીરોકાણનો અર્થ : જ્યારે વિદેશ સંસ્થાઓ દેશના અર્થતંત્રમાં વસ્તુકે સેવાના ઉત્પાદન કે વેચાણનાં ક્ષેત્રોમાં સીધુ જ મૂડી રોકાણ કરે છે, તેને પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ કહેવાય છે.

  પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણમાં વિદેશી રોકાણકરો રાજ્ય કે ખાનગી કંપનીના શૅર ખરીદી પ્રત્યક્ષ ભાગીદારી કરી શકે છે અથવા તો પોતે જ ઉદ્યોગ સ્થાપી તેના માલિક બની શકે છે.

  પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ બે રીતે થઈ શકે છે :

  (1) વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણ (FII) : વસ્તુ કે સેવાના ઉત્પાદનમાં કે ધંધાની સ્થાપનામાં રોકાણ કરવાને બદલે દેશના નાણાબજાર કે મૂડીબજારમાં શૅર કે બૉન્ડ ખરીદવામાં રોકાણ કરે છે.

  (2) વિદેશી રોકાણકર્તા દેશમાં વસ્તુ કે સેવાના ઉત્પાદનમાં વ્યુહાત્મક ભાગીદારી કરી પોતાના ઉદ્યોગ સાથે સાંકળે છે અને તેનો વિકાસ કરે છે.

  પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણનું સ્વરૂપ : પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ સીધા મૂડીરોકાણ અને નવી ટેકનોલૉજી સ્વરૂપે આવે છે.

  તે યંત્રો, ટેકનોલૉજી, કાચો માલ કે સંપત્તિના સ્વરૂપમાં વધુ સ્થિર હોય છે.

  તે સીધું જ રોકાણ હોવાથી સરકારે વિદેશ કરજ લેવું પડતું નથી.

  તે કાર્ય સંસ્કૃતિ ઊભી કરે છે.

## ભારતમાં વિદેશ વ્યાપાર નીતિ સામેના પડકારો જણાવો.

- ભારતમાં વિદેશ વ્યાપર નીતિ સામેના પડકારો નીચે મુજબ છે :
  આંતરરાષ્ટ્રીય સ્પર્ધા સામે ઘર આંગણાના ઉદ્યોગોને રક્ષણ આપવા આયાતો પર અંકુશ રાખવાની જરૂરિયાત.
  ઘરેલું ઉદ્યોગોમાં ઉત્પદન વધારવું અને ટેકનોલૉજી, યંત્રો, પૂરક યંત્રો તથા સંશોધનની આયાતોનું પ્રમાણ નક્કી કરવું.
  વિદેશી હુંડિયામણની બચત કરવા બિન જરૂરી ચીજવસ્તુની આયાત પર અંકુશ મૂકવો.
  આયાતોની ચુકવણી માટે જરૂરી હુંડિયામણ કમાવા માટે નિકાસોને પ્રોત્સાહન આપવું.
  ઘરેલું વસ્તુઓ ગુણવત્તામાં આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં ટકી શકે તે માટેની વ્યુહરચના નક્કી કરવી.
  નાના અને ગૃહઉદ્યોગોના ઉત્પાદન તથા વિકાસને પ્રોત્સાહન આપવું.

## વૈશ્વિકરણ પછીની વિદેશ વ્યાપાર નીતિ સમજાવો.

- 1991થી ભારતે આર્થિક નીતિઓના પરિવર્તનથી વિદેશ વ્યાપાર નીતિ સંરક્ષણાત્મકને બદલે મુક્ત વ્યાપાર તરફી બનાવી.
  સીધા વિદેશી મૂડીરોકાણની છૂટ આપવામાં આવી.
  ખાનગીકરણને લીધે વિદેશી કંપનીઓ દેશમાં વસ્તુ કે સેવાઓનું ઉત્પાદન અને વેચાણ કરી શકે છે.
  ભારતને વૈશ્વિકીકરણના લાભ મળતા તેની બીજા દેશોમાં નિકાસ વધી.
  1991 પછી વિદેશ વ્યાપર નીતિ આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં દેશનો હિસ્સો વધે તે રીતે ઘડવામાં આવી.
  1995માં ભારત વિશ્વ વ્યાપાર સંગઠનનું સભ્ય બન્યું અને તેના માર્ગદર્શન મુજબ વિદેશ વ્યાપાર નીતિમાં ફેરફાર થતા રહ્યા.